હિંમતનગર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારને ગામેગામ વ્યાપક આવકાર

ગાંભોઈ તા.૨૫

હિંમતનગર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યના ઉમેદવાર તરીકે શ્રી વિનેન્દ્રસિંહ ઝાલાની પસંદગી થતાં ભાજપા કાર્યકર ભાઈઓમાં ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રચાર કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. તેઓને ગામેગામ વ્યાપક આવકાર મળી રહ્યો છે. વિનેન્દ્રસિંહ ઝાલા દ્વારા આજરોજ હિંમતનગર તાલુકાના મતવિસ્તારની રાયગઢ જિલ્લા પંચાયત સીટના ગામોમાં ઝંઝાવાતી પ્રચારમાં વિવિધ ગામોમાં મત આપવાની ખાતરી સાથે શુકનમાં શ્રીફળ અને ડી.જે.ના તાલે ઘોડા સવારી કરી તિલક કરી અને તલવારની ભેટ આપી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જંગી મતોથી વિજયી બને તેવા આશીર્વાદ મેળવતા આ હિંમતનગર બેઠકના ઉમેદવાર વી.ડી.ઝાલાના ચૂંટણી પ્રચારમાં તાલુકા પ્રમુખ હસમુખભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવરબા પરમાર, જિલ્લા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, હિંમતનગર બેઠકના ઇન્ચાર્જ જેઠાભાઇ પટેલ, રૂપાલના યુવા અગ્રણી ધનરાજસિંહ રહેવર, વસંતભાઈ દરજી, ગણપતભાઈ પટેલ, તાલુકા સદસ્ય દક્ષાબેન પટેલ, જિલ્લા

સદસ્ય ધીરેનભાઈ અસારી, સરપંચ ભગવતીબેન પટેલ તેમજ ડેપ્યુટી સરપંચ ઘનશ્યામભાઈ પટેલ વગેરે ભાજપાના સંગઠન કાર્યકર્તાઓ હિંમતનગર તાલુકાના રાયગઢ, રૂપાલ, ગાંભોઈ, હાથરોલ, મનોરપુર અને વિરાવાડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર સભાઓ યોજી હતી. જેમાં ભાજપાને વિજયી બનાવવા વ્યાપક આવકાર મળ્યો હતો. આ જાહેર સભાઓમાં મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવરે ભાજપના ઉમેદવારને પ્રચંડ લીડ સાથે વિજયી બનાવવા સૌ જનતાને હાકલ કરી હતી. આ પ્રસંગે ભાજપા ઉમેદવાર વી.ડી. ઝાલાએ મતવિસ્તારમાં આવતા તમામ ગામના વિકાસ કાર્યોને પ્રાધાન્ય આપી બાકી રહેલા વિકાસ કામો પૂરા કરવા ખાતરી ઉચ્ચારી હતી.

રમણલાલ વોરાના કામ બોલે છે : ઈડર વિધાનસભા મત વિસ્તારને વિકાસના કામોથી સંપૂર્ણપણે મઢ્યો

ગામે ગામ ભાજપના ઉમેદવારનું સામૈયા સાથે ભવ્ય સ્વાગત થતાં વિરોધીઓ હતપ્રત

બાયડ, તા.૨૫

ઈડર વિધાનસભા મત વિસ્તારમાં ગામે ગામ ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાના કામ બોલી રહ્યાનો નારો સાંભળવા મળી રહ્યો છે. જે રીતે કાર્યકરોની સાથે પ્રજા અને મતદારોનો ઉમળકો ગામે ગામ જોવા મળે છે તે જોતાં ફરી એકવાર ઈડરમાં ભાજપના ઉમેદવારની પ્રચંડ જીત નિશ્ચિત હોવાનું તેમના વિરોધીઓએ પણ સ્વીકારવા માંડ્યું છે. અનેક ગામોમાં ભવ્ય સામૈયું, બાઈક રેલી અને ત્યારબાદ જે વાજતે ગાજતે સ્વાગત થઈ રહ્યું છે તેને લઈને વિરોધીઓ રીતસરના હતપ્રત બની ગયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં આવતા ઈડર અને વડાલી તાલુકાના ગામોમાં ભાજપના ઉમેદવારને સ્વયંભૂ પ્રચંડ જનસમર્થન મળતાં અન્ય રાજકીય પક્ષોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાએ તેમના ધારાસભ્યના કાર્યકાળ દરમ્યાન ઈડરમાં અદ્યતન સુવિધાવાળું બસ મથક, અદ્યતન સુવિધાયુક્ત નવી સિવિલનું ઈડરમાં નિર્માણ કર્યું તેમજ અનેક લોકઉપયોગી કામોની સાથે ખેડૂતોના સિંચાઈ સહિતના

અનેક મહત્વના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તેમની મહત્વની ભૂમિકા રહી છે. ગત ૫ વર્ષ દરમ્યાન તેમનો ખાલીપો મતદારોએ અનુભવ્યો છે અને તેથી જ ફરી એકવાર ભાજપ હાઈકમાન્ડને કાર્યકરો અને મતદારોએ સ્પષ્ટ સંદેશો આપ્યો હતો કે અમારા વિસ્તારમાં રમણલાલ વોરા સિવાય બીજા કોઈ ઉમેદવારની વાત નહીં. શુક્રવારે ભાજપના ઉમેદવારનો રામનગર, વૃંદાવન, મણિયોર, ઉમેદગઢ, બોલુન્દ્રા, દેશોતર, છાપી, આનંદપુરા, સુંદરપુર, જૂનામાઢવા, નવામાઢવા, સુદ્રાસણા, સરદારપુર, નવાફલાસણ, જૂનાફલાસણ અને જૂનાપાતળીયા ખાતે પણ ગ્રામજનો અને મતદારોએ ભવ્ય સ્વાગત કર્યાનું જાણવા મળ્યું છે. દરેક ગામોમાં થઈ રહેલા ભવ્ય સન્માનથી પ્રચારમાં નિયત સ્થળે પહોંચવામાં દોઢ થી બે કલાકનો વિલંબ છતાં ભાજપના ઉમેદવારને મળવા માટે મહિલાઓ, યુવાનો અને વયસ્કો કલાકો સુધી રાહ જોતા હોય તેવા દ્રશ્યો પણ જોવા મળ્યા. આખરે લોક હૃદય સમ્રાટ બનેલા રમણલાલ વોરાને ભાજપે મેદાનમાં ઉતારતાંની સાથે જ વિધાનસભા મતક્ષેત્રના અનેક ગામોમાં દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. દરરોજ ૧૦ થી ૧૫ ગામડાઓના ચૂંટણી પ્રવાસ દરમ્યાન અભૂતપૂર્વ આવકાર અને સન્માન મળી રહ્યાં છે તે ઉમેદવારની લોકપ્રિયતાનો સાચો આયનો છે. મત વિસ્તારમાં જે પણ કોઈ કામ અધુરા હશે તે નવી સરકારની રચના પછી તૂરત પૂરા કરવાની પણ તેઓએ મતદારોને અને ગ્રામજનોને હૈયાધારણા આપી છે. આજે તો સમગ્ર વિસ્તારમાં ભાજપના ઉમેદવારને પ્રચંડ આવકાર મળતાં ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં ફરી એકવાર ભાજપનો ભગવો લહેરાશે તેવો જનમત પ્રવર્તિ રહ્યો છે.

પ્રાંતિજના ઓરાણ સીમમાં આવેલ ખેતરોમાં હાથમતી કેનાલના પાણી ફરી વળ્યાં

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ઓરાણ સીમ માં આવેલ ખેતર માં હાથમતી કેનાલના પાણી ફરી વળ્યાં તો ખેતર બેટમાં ફેરવાયા અને બે વિગા બટાકા નો પાક પાણીમા ગયો. પ્રાંતિજ ના અનવપુરા પાસે આવેલ ઓરાણ સીમમાં આવેલ ખેતર ની પાસેથી પસાર થતી હાથમતી માઈનોર કેનાલ ની સફાઈ કરાયાં વગર કેનાલમાં પાણી છોડાતા કેનાલ ઓવર ફુલ થતાં પાસે આવેલ ખેતર માં પાણી ભરી વળતાં ખેતર બેટમાં ફેરવાયુ હતુ તો ભર શિયાળે વગર વરસાદે ખેતર માં પાણી ફરી વળતાં પટેલ દિનેશભાઈ જોઈતાભાઈ રહે અનપુરા વાળા ના ખેતર મા બે વિગા ના બટાકા ના પાક મા પાણી ફળી વળ્યુ હતુ તો ખેતરમાં પાણી ફરીવળતા બે વિગા માં બટાકા નું બિયારણ પણ પાણી માં જતાં ખેડૂતો ને તંત્ર ના પાપે હાલતો મોટું નુકશાની સહન કરવા નો વારો આવ્યો છે તો સમગ્ર ઘટના ની જાણ ખેડૂતો દ્વારા જેતે જવાબદાર તંત્ર ને કરતા તંત્ર માંથી તાત્કાલિક માણસો દોડી આવ્યા હતા અને પાણી ની કેનાલ નુ પાણી ઓછુ કરી જેસીબી મશીન ની મદદતથી સફાઈ હાથ ધરી હતી અને કેનાલ મા રહેલ જાળી -ઝાખર , પ્લાસ્ટિક સહિત નો બે ટ્રક ભરી ને કચરો બહાર કાઢવામા આવ્યો હતો ત્યારે હાલતો હજારો લિટર પાણી નો વેહ ની સાથે ખેડૂત ને બટાકા ના પાક ઉપર પાણી ફરીવળતા ખેડૂત ને ખેડ , બિયારણ , મજુરી ,ખાતર-દવા સહિત નો ખર્ચ પાણી મા ગયો છે ત્યારે જવાબદાર તંત્ર કે સરકાર દ્વારા મદદત કરવામાં આવે તેવી માગ પણ ઉઠવા પામી છે.

ખેડૂતે કરેલ ખર્ચ

છ વખત ખેડ-લોટરી ખર્ચ - ૧૨૦૦૦
ટ્રક્ટર થી પેરવાનો ખર્ચ - ૩૦૦૦
મંજુરી ખર્ચ - ૬૦૦૦
બટાકા નુ બિયારણ ૩૫ બેગ એક બેગ નો ભાવ-૧૩૫૦
ડીએપી ખાતર-૬ થેલી એક થેલી નો ભાવ-૧૩૫૦
પોટાશ ખાતર-૪ થેલી એક થેલી નો ભાવ - ૧૭૫૦
અન્ય ખર્ચ - ૫૦૦૦.

સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ દિવસે ૩૫૧ દિવ્યાંગ અને વયોવૃધ્ધ મતદારોએ ઘરે બેઠા મતદાન કર્યું

ખેડબ્રહ્મા વિધાનસભામાં તા. ૨૯ અને ૩૦ના રોજ દિવ્યાંગ મતદારો ઘરે બેઠા મતદાન કરશે

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ તા. ૫ ડિસેમ્બરે યોજાશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયાના

માર્ગદર્શન હેઠળ આ લોકશાહીના પર્વમાં જિલ્લાનો કોઈ પણ મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે તૈયારી પૂર્ણ કરાઈ છે. જિલ્લામાં કુલ ૩૭૯ મતદારોએ ઘરે બેઠા મતદાન કરવાની ઈચ્છા દર્શાવી હતી. તે પૈકી તા. ૨૪ નવેમ્બરના રોજ ત્રણ વિધાનસભાના ૩૬૭ દિવ્યાંગ મતદારો મતદાન કરવાના હતા જે પૈકી ૩૫૧ મતદાન કર્યું હતું.

ભારતના ચૂંટણી પંચ દ્વારા આ વખતની ચૂંટણીમાં નવી પહેલ કરવામાં આવી છે. જે અંતર્ગત મતદાન મથક સુધી ના જઈ શકતા અશક્ત અને દિવ્યાંગજન માટે બી.એલ.ઓ.ના માધ્યમથી ફોર્મ ૧૨-ડી ભરવામાં આવ્યા હતા. જેથી આ લોકોના ઘરે જઈ વહીવટી તંત્ર મતદાન કુટીર ઉભી કરી તેમને લોકશાહીના આ મહાપર્વના ભાગીદાન બનાવી શકશે.

આ લોકશાહીના અવસર પર જિલ્લાના ૩૭૯ દિવ્યાંગજન અને વયોવૃધ્ધ મતદારો ઘરે બેઠા બેલેટ પેપરથી મતદાન કરવાની ઈચ્છા દર્શાવી હતી. જેમાં ૨૭-હિંમતનગર વિધાનસભામાં ૬૫ મતદારો નોંધાયા હતા જેમાં ૩ ટીમો દ્વારા ૨૨ ગામોમાં ફરીને પ્રથમ દિવસે ૬૦ મતદારોને ઘરે બેઠા મતદાન કરાવ્યું હતું જ્યારે ૩૩-પ્રાંતિજ વિધાનસભામાં ૧૫૯ મતદારોના મતદાન માટે ૯ ટીમો દ્વારા ૪૮ ગામોમાં ફરી ૧૫૦ મતદારોને મતદાન કરાવ્યું. ૨૮- ઈડર વિધાનસભામાં ૧૪૩ મતદારો નોંધાયા હતા જેમાં ૧૫ ટીમો દ્વારા ૫૪ ગામોમાં ફરી ૧૪૧ મતદારોને મતદાન કરાવ્યું હતું. ૨૯-ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક માટે ૧૨ દિવ્યાંગ અને વયોવૃધ્ધ મતદારો નોંધાયા છે જેઓ તા. ૨૯ અને ૩૦ નવેમ્બર ૨૦૨૨ના રોજ મતદાન કરશે.

તસ્કરરાજ વેપારીઓ ભયભીત : ભિલોડા મેઈન બજારમાં ચોરીઓનો ઉપદ્રવ વધ્યો

ભિલોડા,તા.૨૫

શિયાળાની સિઝન દરમિયાન ફુલ ગુલાબી ઠંડીનો ચમકારો તેજગતિએ વધતા તસ્કર ટોળકી સક્રિય બનતા ચોરીઓનો ઉપદ્રવ વધવા માંડ્યો છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે મેઈન બજાર વિસ્તારમાં આવેલ ખાડીયા ચોકમાં રાત્રી દરમિયાન અંધારાનો

લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરો રાત્રી દરમિયાન ચોરી કરીને પલાયન થઈ ગયા હતા.ચોરીનો બનાવ પ્રકાશમાં આવ્યો છે ત્યારે અત્રે ઉલ્લેખનિય છે કે,ચોરીઓનો ઉપદ્રવ વધતા વેપારીઓ ભયભીત જોવા મળે છે.તસ્કરોએ દુકાનોમાં સામાન વેરવિખેર કરીને ભીખાભાઈ ભાટીયાની દુકાનમાંથી પતંગ અને ફિરકીઓની ચોરી કરી હતી.આશરે પંદર હજારની માલમત્તા ચોરાઈ છે.મણીલાલ ઠાકોરની કટલરીની લારીમાંથી આશરે ત્રણેક હજારની માલમત્તાની ચોરી કરી છે.પોલીસે ચોરીના બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે. ખાડીયા ચોકમાં ફુલવર્ષા અગરબત્તી - પુજાપો,ગૌરી પાન પેલેસ,નિલેશ લખવારાની દુકાનમાં ચોરીનો પ્રયાસ અંકદરે નિષ્ફળ નિવડયો હતો.ચોરીના સમાચાર વાયુવેગે પ્રસરતા વેપારીઓ ઘટના સ્થળ પર એકત્રિત થઈ ગયા હતા.સમાજ સેવક રાજેન્દ્રકુમાર પારધીએ વહેલી સવારે ઘટના સ્થળે પહોંચી પોલીસ સ્ટેશન / પી.આઈ / એચ.પી.ગરાસીયાનો ટેલિફોનિક સંપર્ક કરીને પેટ્રોલિંગ વધારવા બાબતે ધારદાર રજુઆત કરી હતી.

થરાદની ખોડા ચેકપોસ્ટ પરથી પોષડોડાના ૧૧.૮૫ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

ડીસા, તા. ૨૫

થરાદની ખોડા ચેકપોસ્ટ પરથી વાહન ચેકિંગ દરમિયાન પોલીસે પોષડોડાનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ ૧૧.૮૫ લાખના

મુદ્દામાલ સાથે એક ઈસમને પકડી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણીને ધ્યાને લઈ ૭ ચેક પોસ્ટથી વધારીને ૩૦ જેટલી ચેકપોસ્ટ જિલ્લા પોલીસ વડા દ્વારા કાર્યરત કરવામાં આવી છે.અને ચેક પોસ્ટો પર સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ટુ વ્હીલરથી લઈ મોટા ટેલર સુધી જીણવટ ભર્યું ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જેમાં થરાદ ખોડા બોર્ડર પોલીસ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગ દરમિયાન એક શંકાસ્પદ ટ્રેલર રોકાવી પોલીસે ચેક કરતા ટ્રેલર ગાડી (ય્ત-૧૨-છ૨-૪૬૪૬) માં ડ્રાઈવર પાંચારામ જાટ (રહે. કરના ચંપા ભાખરી, બાડમેર રાજસ્થાન) ની પોતાના કબ્જાની ગાડીમાં વગર પાસ પરમીટનો અને ગેરકાયદેસરનો માદક પદાર્થ પોષડોડાનો જથ્થો વજન- ૬૦ કિલોગ્રામ ,(કિંમત ૧.૮૦) લાખ મળી કુલ રૂ.૧૧.૮૫ લાખના મુદ્દામાલ સાથે પકડાયેલા ઈસમ વિરૂદ્ધ એન.ડી.પી.એસ.ના કાયદા મુજબ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

બાયડ તાલુકાના સાઠંબામાં ફ્રી મેઘા મેડીકલ કેમ્પ યોજાયો, ૧૮૦ દર્દીઓએ લાભ લીધો

બાયડ, તા.૨૫

બાયડ તાલુકાના સાઠંબામાં અમદાવાદ સ્થિત સુખનું સરનામું સંસ્થા અને બાલ ગણેશ મહોત્સવ સમિતિ-સાઠંબાના ઉપક્રમે ફ્રી મેગા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જરૂરીયાતમંદ ૧૮૦ દર્દીઓને સારવારની સાથે દવાઓ મફતમાં આપવામાં આવી હતી. જેમાં જાણીતા ડા.ચેતન પંચાલ, ડા.અંકુર ભાવસાર, ડા.હિમાંશુ પટેલ, ડા. કેવિન પંચાલ વગેરેએ સેવાઓ આપી હતી.

આ અંગે પ્રાપ્ત જાણકારી અનુસાર સાઠંબાના વતની અને અમદાવાદ સ્થાયી થયેલા સમીર ધીરજભાઈ સોની અને તેમના મિત્ર વર્તુળ દ્વારા સાઠંબા ખાતે તાજેતરમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો જેમાં લોહીનું પ્રમાણ, ડાયાબીટીશ, હાડકાઓમાં કેલ્શીયમનું પ્રમાણ સહિતની દર્દીઓમાં ચકાસણી કરવામાં આવી હતી. અમદાવાદની ફાર્મા કંપનીએ મફત દવાઓ તેમજ ડીવાઈન લેબ દ્વારા મફત ડાયાબીટીશ ચેકઅપ તથા ટોરેન્ટ દ્વારા બી.એમ.ડી. સેવા અને એલેમ્બિક કંપની દ્વારા ફ્રી લોહી તપાસ કરવામાં આવી હતી. સાઠંબા ગુજરાતી પ્રા.શાળામાં તા.૨૦ નવેમ્બરના રોજ કેમ્પનું આયોજન કરાયું હતું.

ભાજપ ડોકટર/ચિકિત્સા સેલ દ્વારા અનિકેત ઠાકરનો ડોક્ટર્સ સાથે સંવાદ

પાલનપુર તા.૨૫

ગત રાત્રે ભાજપ ડોકટર સેલ દ્વારા આપણા લોક લાડીલા ઉમેદવાર શ્રી અનિકેત ઠાકર નો સન્માન અને સંવાદ કાર્યક્રમ હોટેલ અગાસી ખાતે યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ બાવરિયા, ફલજીભાઈ, આઈ.એમ.એ. પ્રમુખ ડો. ચંદનબેન અખાણી , ડો. જગદીશ ઠાકોર, કનવિનર ડો. ધર્મેશ રાવલ અને શ્રી અનિકેત ઠાકર દ્વારા કમળ ને ખીલાવવા/ ભાજપ ને જીતારવા અપીલ કરાઈ હતી.કાર્યક્રમ નું સફળ સંચાલન સંજોયક ડો. સુરેન્દ્ર ગુમા દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમ માં ડો. સુરેન્દ્ર ગુમા એ રૂ.૫૧૦૦૦/- વ્યક્તિગત ચુંટણીફાળો અનિકેત ઠાકર ને અર્પણ કર્યો હતો. આ કાર્યક્રમ માં મોટી સંખ્યામાં ડોકટર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી અનિકેત ઠાકર ને વિજયી બનાવવા પ્રણ લીધા હતા.

ભિલોડાના લીલછા ગામમાં એકલવ્ય કુમાર છાત્રાલયમાં કંબલ વિતરણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૫

મણીબા પેટ્રોલિયમ,ભિલોડા તરફથી એકલવ્ય કુમાર છાત્રાલય,લીલછાના પરીસરમાં કાર્યરત શ્રી રચના વિધાલય,લીલછા ગામમાં શિયાળાની સિઝનના શુભારંભ દરમિયાન ગરમ કંબલનું વિતરણ કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલુકા પંચાયત,ભિલોડા પ્રમુખ અમરતભાઈ બરંડા,અરવલ્લી જીલ્લા યુવા મોરચા,ભાજપના મહામંત્રી સચિનકુમાર બરંડા,વેજપુર ગ્રુપ ગ્રામ પંચાયત સરપંચ મોનિકાબેન,પૂર્વ સરપંચ ઉષાબહેન,મામલતદાર વિણાબેન,પ્રા.શિક્ષકા હેમલત્તાબેન,ડોકટર અમિધરા,પરેશ,હેતલ,રુદ્રા સહિત સ્ટાફ પરિવારની ઉપસ્થિતિમાં કંબલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

લોકશાહીના અવસરે અચૂક મતદાન કરવાની અપીલ કરતા દિવ્યાંગ કાળુસિંહ ઠાકોર

હિંમતનગર, તા. ૨૫

લોકશાહીનો મતલબ છે લોકોનું, લોકો વડે અને લોકો માટે બનેલુ વ્યવસ્થા તંત્ર એટલે લોકશાહી. આ લોકશાહીમાં દરેક નાગરીકને મતદાનનો અધિકાર મળ્યો છે. આપણે આપણા અમુલ્ય મત વડે આપણા નેતા ચૂંટીએ છીએ. તો પછી આપણે આપણો મત આપવાનું કેવી રીતે ચુંકીએ? આ શબ્દો છે દિવ્યાંગ ૬૨ વર્ષિય કાળુસિંહના સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સ્ટેશન રોડ જુની સીવીલ પાંચબત્તી વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષિય ઠાકોર કાળુસિંહ કેસરસિંહ દિવ્યાંગ હોવા છતાં દરેક ચૂંટણીમાં ફરજીયાત મતદાન કરે છે. તેઓ હિંમત હાઈસ્કૂલના ખાતેના તેમના મતદાન મથકે વર્ષોથી મતદાન કરે છે. છેલ્લા ૪૪ વર્ષથી એક પણ ચૂંટણીમાં મત આપવાનું ચૂક્યા નથી. મોટો અધિકાર છે. આ અધિકાર દ્વારા આપણે એક

સ્વસ્થ અને સુંદર સમાજનું નિર્માણ કરી શકીએ છીએ. ભારતના નાગરીક તરીકે મતદાન કરવુંએ ગર્વની વાત છે. ભારત કાળુસિંહ જણાવે છે કે, મતદાન કરવુ એ આપણો અધિકાર છે જે આપણને ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલ સૌથી મહત્વનો અને એક લોકશાહી દેશ છે, ૨૦૦ વર્ષની ગુલામી બાદ મળેલી આઝાદીએ, આપણા મહાન નેતાઓએ સ્વીકારેલ બંધારણમાંથી આપણને મતદાનનો અધિકાર મળ્યો છે. આ મતદાનને આપણે માત્ર ફરજ સમજી ચુકીએ તે કેમ ચાલે? આ લોકશાહીના અવસરને ઉજવવા દરેક નાગરીકે અચુક મતદાન કરવું જોઈએ. તેવી દિવ્યાંગ કાળુસિંહે અપીલ કરી હતી.